# AIની મદદથી ફોટોશોપ, ઈનડિઝાઈન માઈક્રોસોફ્ટ ફ્રી વર્ઝન બની ગયા

## સોફ્ટવેર કંપનીની કેન્સલેશન પોલીસીથી કંટાળેલા માણસે ફ્રેક વર્ઝન બનાવી દીધા! ઓપન સોર્સથી બનેલી કોપી લાખો લોકો વાપરી શકશે




### ટેક-ટોક

★ આનંદ ગાંધી

ઘણી સોફ્ટવેર કંપનીઓ ગ્રાહકોને એવી સુવિધા આપવાનો દાવો કરે છે કે તમને અમારી સર્વિસ કે સોફ્ટવેર ન ફાવે તો અમુક દિવસ પછી કેન્સલેશન ફ્રીમાં થઈ જશે. કેન્સલેશન વખતે એક પણ રૂપિયો ચૂકવવો પડશે નહીં. જોકે, ખરેખર એવું થતું હોતું નથી. ઘણી વખત દાવો કર્યા પછી જો તમે કોઈ સર્વિસ કે સોફ્ટવેર કેન્સલ કરો તો એનો ચાર્જ લાગે છે. ગ્રાહક તરીકે તમે દલીલો કરો કે હેલ્પલાઈનમાં ફરિયાદ કરો તો પણ અમુક રકમ પાછી મળતી નથી. આવું તો સેંકડો ગ્રાહકો સાથે થતું હોય છે અને ગ્રાહકો આવા કડવા અનુભવ પછી બીજી વખતે ધ્યાન રાખીને અમુક રકમ જતી કરી દે છે, પરંતુ કોઈક માથાફરેલો માણસ આવું થયા પછી આખી કંપનીને દોડતી કરી શકે છે. એવા જ એક માથાફરેલા માણસનું નામ બ્રાન્ડન થોમસ છે. એટલાન્ટા સ્થિત સોફ્ટવેર એન્જિનિયર બ્રાન્ડન થોમસે તાજેતરમાં આર્ટક્રાફ્ટ નામનો એક નવો પ્રોજેક્ટ રજૂ કરીને સોફ્ટવેર જગતમાં ભારે ચકચાર જગાવી છે. થોમસે એડોબ ક્રિએટિવ ક્લાઉડના સોફ્ટવેરના મોંઘા સબસ્ક્રિપ્શનથી મુક્તિ મેળવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને તેના મફત અને ઓપન-સોર્સ વિકલ્પો તૈયાર કર્યા છે. ઓપન-સોર્સ એટલે એવો સોફ્ટવેર, જેનો ઉપયોગ કોઈપણ વ્યક્તિ કરી શકે છે. તેના કોડ જોવા, વાપરવા કે તેમાં ફેરફાર કરવા માટે સ્વતંત્રતા હોય છે. આ પ્રોજેક્ટમાં થોમસે બનાવેલા પ્રોગ્રામ્સના કોડ બધા માટે ઉપલબ્ધ રહેશે, જેથી બીજા ડેવલપર્સ તેમાં સુધારો કરી શકે. જેમ એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમ ઓપન-સોર્સ છે, એટલે તેનો ઉપયોગ ઘણી કંપનીઓ મોબાઈલ બનાવવામાં કરે છે, એમ હવે થોમસે બનાવેલા પ્રોગ્રામ્સનો પણ ઘણી કંપનીઓ ઉપયોગ કરી શકે છે. તેનાથી ડિઝાઈનિંગ અને ફોટો એડિટિંગમાં મોટું પરિવર્તન આવશે. આ કંપનીઓને પણ આર્થિક રીતે ફટકો પડી શકે છે. આ પ્રોજેક્ટ પાછળની બિહાઈન્ડ સ્ટોરી, જે ખુદ થોમસે રેડિટમાં શેર કરી છે, એ પ્રમાણે થોમસને એડોબ સોફ્ટવેરની કેન્સલેશન ફીના કારણે મુશ્કેલી પડી હતી, જેનાથી કંટાળીને તેમણે એડોબનાં ટૂલ્સના મફત વિકલ્પો બનાવવાનું નક્કી કર્યું. થોમસે આ પ્રોગ્રામ્સ રસ્ટ પ્રોગ્રામિંગ લેંગ્વેજ અને એન્થ્રોપીના Claude Opus 5.5 જેવા AI કોડિંગ એજન્ટોની મદદથી બનાવ્યા છે. થોમસના આ પ્રોજેક્ટમાં ફોટોશોપ જેવું ફોટોક્રાફ્ટ અને એડોબ પીડીએફ જેવું પીડીએફક્રાફ્ટ સામેલ છે, જે એડોબ જેવું કામ કરે છે. તે એક ક્લીન-રૂમ રિપ્લેસમેન્ટ પ્રોજેક્ટ છે, જે કોપીરાઈટના કાયદાથી બચવા ઓપન-સોર્સ ફાઈલ ફોર્મેટના આધારે બનાવવામાં આવે છે. આ પ્રોજેક્ટ ક્લીન-રૂમ પ્રોસેસથી કામ કરે છે, જેનો અર્થ એ છે કે થોમસે એડોબના પ્રોપ્રાઈટરી સોર્સ કોડનો ઉપયોગ કરવાને બદલે ઓપન-સોર્સ ફાઈલ સ્પેસિફિકેશનના આધારે નવા કોડથી આ પ્રોગ્રામ્સ બનાવ્યા છે. આ રીતે કદાચ થોમસ કાયદાકીય કાર્યવાહીથી બચી જશે અને કોપીરાઈટનો ભંગ પણ નહીં થાય.

આ પ્રોજેક્ટને સોફ્ટવેર ડેવલપમેન્ટમાં વાઈબ કોડિંગનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે. આ ટેક્નિકમાં થોમસ કોડ લખવાને બદલે AI ટૂલ્સને પ્રોમ્પ્ટ આપે છે અને AI તે મુજબ કોડ જનરેટ કરે છે.

થોમસને એન્જિનિયરિંગનો ૧૫ વર્ષનો અનુભવ છે અને તેમણે પોતાના નોલેજનો આ પ્રોજેક્ટમાં ઉપયોગ કર્યો છે. એડોબ ઈનડિઝાઈન ઉપરાંત હવે થોમસે આ જ ટેક્નિકથી માઈક્રોસોફ્ટ ઓફિસનું પણ વર્ઝન બનાવ્યું છે. થોમસનો દાવો તો એવો પણ છે કે આ રીતે આપણે ગૂગલ સર્ચ એન્જિન બનાવી શકીએ અને પોતાનો સ્માર્ટફોન પણ બનાવી શકીએ. આ રીતે આપણે આખી ટેક્નોલોજીની દુનિયાની દરેક બાબતની નકલ કરી શકીએ.

એની સામે જે ખતરો બતાવવામાં આવી રહ્યો છે, એ કદાચ આ છે. AI દરેક મૌલિક બાબતની નકલ કરશે અને દરેક મૌલિક અધિકારનો ભંગ કરશે. મૌલિકતા જ જોખમમાં આવી પડી છે.

---



## રંગ ખ઼ુશ્બૂ ઔર મૌસમ કા બહાના હો ગયા
## અપની હી તસ્વીર મેં ચેહરા પુરાના હો ગયા

– ખાલિદ ગની

### કેફિયત

★ હનીફ મહેરી

રંગ ખુશબૂ અને મોસમ બહાનું થઈ ગયો,પોતાની તસવીરમાં ચહેરો જૂનોપુરાણો થઈ ગયો. સમયના વહેણમાં પોતાનો ચહેરો પણ પહેલાં જેવો નહીં રહે. પોતાની તસવીરમાં પણ ચહેરો જૂનો લાગે. રંગ, ખુશબૂ અને મોસમ તરોતાજા હોય ત્યાં સુધી જ તેની લિજ્જત રહે. રંગ પણ કાયમ રહેતો નથી. ખુશબૂ તો ક્ષણોમાં પ્રસરી જાય. મોસમને બદલાતા વાર લાગતી નથી. સમય બદલાય એટલે ઘણું બધું બદલાઈ જતું હોય છે. તમારી તસવીર જ તમને જૂનીપુરાણી લાગવા લાગે. તસવીરના રંગ પણ બદલાતા વાર લાગતી નથી. એ તસવીર આપણી પોતાની હોય તો પણ સમય સાથે તસવીરની અંદરનો ચહેરો જૂનો લાગવા લાગે. મોસમ બદલાવાનું તો બહાનું થઈ જાય. તમારી તસવીરમાં પણ તમારો ચહેરો જૂનો લાગે. એક મુદ્દત બાદ જો પોતાની તસવીર પણ જુઓ તો એ તસવીરમાં ચહેરો જૂનો લાગે. એ ચહેરો તમારો ભૂતકાળનો ચહેરો લાગે. માણસનું જીવન પણ અજીબ છે. તેનો પોતાનો ચહેરો બદલાતો રહે છે છતાં તેને પોતાને જાણ થતી નથી. તેની તસવીરો જ તેને બદલાતા સમયની યાદ અપાવે છે. તેની જૂની કોઈ તસવીર જ્યારે મળે છે ત્યારે તેની નજર સામે જૂનુંપુરાણું આખું ચિત્ર આવી જાય છે. તસવીરમાં એ સમયનો ચહેરો જોવા મળે. એ સમયનો તરોતાજા તસવીર પણ જૂનીપુરાણી લાગે. મોસમના બદલાતા ઘણાં ફૂલ તેનો રંગ અને ખુશબૂને ગુમાવી દે છે. તે જ રીતે માણસ પણ સમય જતા પોતાનો અસલ મિજાજ ગુમાવી દે છે. જે રીતે ફૂલોને મોસમના બદલાતા પોતાની લિજ્જત ગુમાવવી પડે છે. તેમ માણસ પણ પોતાની પહેલા જેવી સ્થિતિમાં રહેતો નથી. સમય જતા તેણે પણ સંજોગો સાથે ઘણી બાંધછોડ કરવી પડે છે. તસવીરમાં જે તે સમયનો ચહેરો હોય છે. પરંતુ દર્પણમાં આજનો ચહેરો હોય છે. તસવીરનો ચહેરો બદલાતો નથી. એ સમય સાથે જૂનો થઈ જાય છે. પરંતુ દર્પણમાં દેખાતો ચહેરો સમય સાથે બદલાતો રહે છે.